## ૧૨ વિસર્જન :

ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ એકડા પંચનુ કોઇ સંજોગોમાં વિસર્જન કરવાનુ થાય તો સ્થાવર જંગમ મીલકત, નાણાં અને અન્ય તમામ માલીકી સમગ્ર સમાજની ગણાશે અને તેની સરખે હિસ્સે વહેચણી કરવાની રહેશે

આ બંધારણ અમો સર્વે જ્ઞાતીજનોએ મકકરનામુવાડા મુકામે મળેલ તા ૧૦-૮-૯૬ની સામાન્ય સભામાં સર્વેની સંમતિથી મંજુર કર્યુ છે અને તે અમોને સર્વેને કબુલ મંજૂર છે તેમજ તેનો અમલ કરવા બંધાયેલા છીએ

# ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ એકડા પંચના

## નિયમો

૧ એકડા પંચમાં જોડાનારનાં તા. ૧૦-૮-૯૬ સુધીમાં આવેલ ફોર્મ સ્વીકારવાં અને તેઓનેજ ત્રિ મે બ્ર. એકડા પચના સભ્ય ગણ-વામાં આવશે બ્રાહ્મણ એકડા પંચમાં સામેલ નહી થનાર વ્યકિત ઓ સાથે કન્યાની લેવડ-દેવડ કરી શકશે નહી અને જો કોઇ કરશે તો જે તે સમયે યોગ્ય નિર્ણય કરવામાં આવશે

### જન્મ

૨ બાળકના જન્મ સમયે વેવાણો સુવાવડ લઇને જાય તેમણે કાચલી ફકત વેવાઇને ત્યા જ આપવી પાલન ન કરવામાં આવે તો રૂા. ૫૧/- લગાના લેવા

૩ સુવાવડ વખતે વહુને બોલાવવા જનાર વેવાણો માંસાસુ અને હોય તો વડસાસુને જ સાડી આપવી પાલન કરવામાં ન આવે તો રૂા. ૧૫૧/ લગાના લેવા

૪ સાથે આવનાર દેરાણા જેઠાણા અને નણંદને ચઢતા ઉતરતા ક્રમે રૂા. ૫૧ અથવા રૂા. ૪૧ રોકડા આપવા આ પાલન ન કરવામાં આવે તો રૂા. ૧૫૧/– લગ્ગાના લેવા

૫ આણા–જિયાણામાં ફક્ત એક ટંકનુ ભોજન સબંધકર્તાઓએ કરવુ પાલન કરવામાં ન આવે તો રૂા. ૧૫૧/– લગ્ગાના

## જનોઇ

૬ મામેરૂ ફક્ત સગા મામાએ જ કરવુ પાલન કરવામાં ન આવે તો રૂા. ૫૦૧/– લગ્ગાના લેવા

૭ કાકા માસા માસી ફોઇ ફુવા અને અન્યોએ રુા. ૨૫૧/– અથવા એથી ઓછી રકમ સબંધ પ્રમાણે આપવી અને તેનુ વળતર લેવું નહી અને તેનુ પાલન નકરવામાં આવે તો રૂા. ૫૦૧/– લગ્ગાના લેવા

૮ પહેલા મામેરામાં ઘરેનો વહેવાર રૂા ૭/– આપવા અને દેરાણા જેઠાણા ને સાડી આપવી

૯ વડસસરા અથવા વડસાસુને અનુક્રમે ધોતીયુ સાડી આપવી

## ભીક્ષા

૧૦ મોસાળ અને ઘરની આખી ભીક્ષા આપવી અને બાકીનાએ પોતાની પહોંચ પ્રમાણે ચાલુ છે તે પ્રમાણે આપવી

૧૧ બડવાને મામા મામી અને માસા માસીએ ચાલુ છે તે પ્રમાણે વહેવાર કરવો

## વિવાહ

૧૨ જાહેરમાં ચાંદલો વિગરે કરેલ હોય તો વિવાહ ફોક કરવો નહી જે પક્ષ વિવાહ ફોક કરે તો લગ્ગાના રૂા ૧૦૦૧/–લેવા

લગ્ન

૧૩ લગ્નમાં બેન્ડ ફોટોગ્રાફી વિડીયો શુટીંગ માયક વિગેરે પોતાની પહોંચ મુજબ લાવવાની છુટ છે વર કે કન્યા પક્ષે કોઈને આ બાબતે ફરજ પાડવી નહી

૧૪ લગ્ન વખતે ફક્ત સાસુ અને વડસાસુને જ સાડી પહેરાવવી

૧૫ કાઢવું

## મરણ

૧૫ ~~છાબમાં બે સાડી એક ધોતી અને રૂા. ૭/– રોકડા મુકવા~~

૧૬ લોકીત મરણના પાંચમાં દીવસે અને જો તે દીવસે રવિ કે મંગળવાર આવે તો છઠ્ઠા દિવસે સવારના ૯ થી ૧૨ વાગ્યા સુધીમાં કરવી પીયર પક્ષમાં લોકીત કરવાના હોય તો તેજ દીવસે બે થી પાંચ વાગ્યા સુધીમાં કરવાની રહેશે લોકીતમાં બાકી રહેલાઓએ દશમાના દિવસે સમુહમાં સાથે જવુ વચ્ચે લોકીત કરવી નહી.

૧૭ લોકીતમાં સંબંધીઓ કોપરાની કાચલી લાવે છે તે સદંતર બંધ કરવી કાચલી આપે તેના રૂા. ૫૧/– દંડના લેવા.

૧૮ પચાસ વર્ષની નીચેની ઉમરનાનુ મરણ થાય તો તેના નોતરાં આપવા નહી ફક્ત સબંધીઓને જ જાણ કરવી.

૧૯ આજ સુધી સમાજમાં ન જોડાયેલ વ્યકિતઓ સાથે તેમનો રીત-રિવાજ પ્રમાણે વહેવાર કરવો અને એકડા પંચ સમાજમાં આપણે આપણા રીત-રીવાજ પ્રમાણે વહેવાર સ્વીકારવો.

૨૦ ત્રિ મે બ્રા. એકડા પંચના કોઈ વ્યકિતએ ખાસ કિસ્સામાં છોકરો છોકરી એકડા પંચ બહાર પરણાવવાની થાય ત્યારે કારોબારી સમીતીની મંજુરીથી તેમ કરવુ.

૨૧ ભૂતકાળમાં એકડા પંચ સમાજમાં જોડાયેલ સભ્યો હાલ એકડા પંચમાં જોડાયેલ ન હોય તો તેવા વ્યકિતઓ સાથે કોઈપણ સંજોગોમાં કન્યાની લેવડ દેવડ કરવી નહી.

ઉપરના ૧ થી ૨૧ નિયમો અમે સર્વે જ્ઞાતીજનોએ તા. ૧૦–૮–૯૬ના રોજ મકકરનાસુવાડા મુકામે યોજાયેલ સામાન્ય સભામાં ચર્ચા વીચારણાના અંતે સર્વાનુંમતે મંજૂર કરેલ છે અને અમે તે પાળવા બંધાયેલા છીએ.

PDF Scanner ACE Scanner